***માન. અધ્યક્ષશ્રી*** માન.મંત્રીશ્રી ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અનુદાનો માટે જે માંગણીઓ લાવ્યા છે તેમાં મારુ સમર્થન આપી મારા વિચારો રજુ કરૂં છું.

સુખદુઃખ કોઈનું પૂછી શકાય તો ય ઘણું છે
કોઈના ખભે હાથ મૂકી શકાય તો ય ઘણું છે
દર્દભરી આ દુનિયામાં અનેક છે દર્દીઓ
પણ આંસુ એકાદનું લૂછી શકાય તો ય ઘણું છે

***માન. અધ્યક્ષશ્રી*** , ગુજરાત સરકારે અનેક મહત્વકાંક્ષી યોજનાઓના માધ્યમથી ગુજરાતના અનેક દર્દીઓના આંસુ લુછવાનો સફળ પ્રયાસ કર્યો છે.

***માન.અધ્યક્ષશ્રી***,*

મને યાદ છે દેશની આઝાદી બાદ ગુજરાતમાં જેમની સરકારો હતી તેઓએ ક્યારેય સામાન્ય

માનવીઓના આરોગ્ય અને સુખાકારીની કોઇપણ જાતની ચિંતા કરેલ નથી. ગામડા વસતા લોકો તો ઠીક પરંતુ શહેરી વિસ્તારના લોકોને પણ તબીબી સારવાર મળે તેની કોઇપણ જાતની ચિંતા કરેલ નહીં. દવાખાના ગંદકીથી ખદબદતા.

**<u>*માન.અધ્યક્ષશ્રી*</u>**

ગ્રામ્ય હોય કે શહેરોમાં અગાઉની સરકારઓએ તબીબી સારવાર અને જન આરોગ્ય માટે કોઇપણ પ્રકરાની ચિંતા કરેલ નહીં.

**<u>*માન.અધ્યક્ષશ્રી*</u>**

ગુજરાતના પનોતા પુત્ર આને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સૌથી પહેલાં સામાન્ય જનની સુખાકારી માટે ત્વરિત પગલાં લીધાં અને સમગ્ર ગુજરાતના તમામ સરકારી દવાખાનાઓને સ્વચ્છ બનાવવાનું નક્કી કર્યું અને તે અંતર્ગત હાલમાં ગુજરાતના તમામ સરકારી દવાખાનાઓ સ્વચ્છ

અને સુંદર બનાવવામાં આવ્યા અને તમામ દવાખાનાઓને અધતન બનાવવામાં આવ્યા.

**<u>*માન.અધ્યક્ષશ્રી*</u>**

અમદાવાદ શહેરમાં સિવિલ, એસ.વી.પી., વી.એસ., એલ.જી., શારદાબેન જેવી હોસ્પીટલ પણ સુંદર, સ્વચ્છ અને અધતન બનાવવામાં આવી છે.

**<u>*માન.અધ્યક્ષશ્રી*</u>**

મારા મતક્ષેત્ર વટવા. વિધાનસભા એકમાંજ જો ૭ અર્બન હેલ્થ સેન્ટરો, ૪ પીએચસી સેન્ટરો અને 3 સીએચસી સેન્ટરો તેમજ અમદાવાદ જીલ્લાની સૌથી મોટી હોસ્પીટલ સિંગરવા ખાતે કાર્યરત છે અને તે વધુ સુવિધા જનક બનાવવા માટે માન. આરોગ્ય મંત્રીશ્રી ઋષીકેશભાઇએ તાજેતરમાં જ ૫0 કરોડની જોગવાઇ કરી આપેલ છે અને મારા ફક્ત એક પત્રના આધારે સીટી સ્કેન મશીનની સુવિધા કરી આપેલ હોય તો આપ સમજી શકો છો

કે *<u>**માન.ભુપેન્દ્રભાઇ**</u>ની* સરકારી કેટલી સંવે્દનશીલ છે તેનો આ જાગતો પુરાવો છે.

<u>***માન.અધ્યક્ષશ્રી***</u>

અર્બન હેલ્થ માટે રાજ્ય સરકાર દ્વારા રેગ્યુલર બજેટમાંથી વિવિધ સંવર્ગની ૧૩૦૦૦ થી વધુ જગ્યાઓ મંજુર કરેલ છે. રાજ્યમાં નવા શહેરી આરોગ્ય કેન્દ્રોના મકાન અને અન્ય સુવિધાઓ પણ રાજ્ય સરકારના બજેટમાંથી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

<u>***માન.અધ્યક્ષશ્રી ***</u>

આપણા પૌરાણીક રિવાજો મુજબ જન્માક્ષર મેળવી સગપણો થતા. પરંતું હવે સમય આવી ગયો છે કે શારીરિક ઉણપોનું ધ્યાન આપી સગપણ કરવા જોઇએ. સિકલ સેલ(ડિસીઝ) અંગેની જાણકારની પહેલાં કોઇને ન હતી. સિકલ સેલ ધરાવતી વ્યક્તિઓ જો લગ્ન કરે તો બાળક

થવાની સંભાવના ઓછી થાય છે. તથા જો બાળક થાય તો તંદુરસ્ત જન્મતું નથી.

***માન.અધ્યક્ષશ્રી***

માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા જુલાઇ ૨૦૨૩માં નેશનલ સિકલસેલ એનીમીયા એલીમીનેશન મિશન ૨૦૪૭ની શરુઆત કરવામાં આવેલ છે આ અંતર્ગત સિકલસેલ એનીમીયા રોગની નાબુદી કરવાનું મિશન હાથ ધરવમાં આવેલ છે.

***માન.અધ્યક્ષશ્રી ***

કેન્દ્રી સરકાર અને રાજ્યની સરકારે ખુબ જ ગંભીરતા પુર્વક તબીબી સારવાર, આરોગ્ય અંગે તથા પરિવારના કલ્યાણ માટે ધ્યાન આપી તમામ જન જનને તમામ સુવિધાઓ મળી રહે તે માટે પ્રયત્નો કરેલ છે

***માન.અધ્યક્ષશ્રી ***

***માન.અધ્યક્ષશ્રી ***

કોઇપણ સમાજના વિકાસનો માપદંડ નાગરિકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ પર નિર્ભર છે. ગુજરાતે માતાના ગર્ભથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ મળી રહે તે માટે અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ કર્યો છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આજે સરકારી દવાખાના છે. આંગણવાડીઓ છે. માતા અને બાળકોના પોષણ માટે, તેમના સ્વાસ્થ્ય સંદર્ભે અનેક યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. પ્રત્યેક નાગરિકને તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ થાય તેવી રીતે યોજનાઓ ઘડીને તેનું સુચારુ અમલીકરણ થઈ રહ્યું છે. ગુજરાતની આરોગ્ય સેવાઓની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાત સરકારે ગરીબો, પીડિતો, શોષિતો, ગામડાના લોકો અને રાજ્યના જન-જનની સુખાકારી માટે અનેક આરોગ્યલક્ષી

નિર્ણયો લીધા છે. જ્યાં દવાખાના ન હતા ત્યાં દવાખાના શરૂ કર્યા. જ્યાં દવા ન હતી ત્યાં દવા પહોંચાડી. જ્યાં આરોગ્યલક્ષી સાધનો ન હતા ત્યાં સાધનો પહોંચાડ્યા. દવા, ડોક્ટર, સેવા, શુશ્રૂષા બધું જ... અને તેના પગલે ગુજરાતમાં સર્જાઈ છે એક આરોગ્ય સુવિધાની સેવાસભર શ્રૃંખલા....

***માન.અધ્યક્ષશ્રી ***

વર્લ્ડ બેંકની સહાયતા તેમજ તાંત્રિક સહાય સાથે 'શ્રેષ્ઠ ગુજરાત' બહુ આયામી આરોગ્યલક્ષી યોજનાનો આગામી પાંચ વર્ષમાં અમલ કરવામાં આવશે. આ યોજના દ્વારા પેટાકેન્દ્રથી મેડિકલ કોલેજ સુધીની તમામ આરોગ્ય સંસ્થાઓમાં આરોગ્ય સેવાઓની ગુણાવત્તાનું સર્ટીફિકેશન કરાવવામાં આવશે. લેબોરેટરી ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ચેપીરોગો સામે પૂર્વ નિયોજિત પગલાઓનું માળખુ ગોઠવવામાં આવશે. કેન્સર અને ડાયબિટીસ જેવા બિનચેપી

રોગોના પૂર્વ નિદાન અને સારવાર માટે કેન્દ્ર ઊભું કરવાનુ આયોજન છે. આપણું ગુજરાત નિરામય બને, શ્રેષ્ઠ સારવાર સુવિધાઓ નાગરિકોને મળે અને તેઓ નિરોગી બને એ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતની અદ્યતન આરોગ્ય સુવિધાઓનો લાભ આસપાસના રાજ્યના લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં મેળવે છે અને નીરોગી-નિરામય બની પોતાના વતન રાજ્યમાં પરત ફરે છે. સસ્તી છતાંય ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓને કારણે આજે ગુજરાત એ મેડીકલ ટુરીઝમનું હબ બન્યું છે.

***માન.અધ્યક્ષશ્રી ***

આ સાથે જ રાજ્યમાં ઉત્તમ તબીબી સેવાઓ માટે પૂરતા ડોક્ટર હોવા અત્યંત આવશ્યક છે. પહેલા મેડીકલની ખુબ ઓછી સીટોને કારણે આપણા રાજ્યના દીકરા-દીકરીઓને રાજયબહાર કે વિદેશમાં અભ્યાસ માટે જવું પડતું હતું. પરંતુ આ દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન

મુખ્યમંત્રી શ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘ દ્રષ્ટિને કારણે આજે ગુજરાતમાં મેડીકલની બેઠકોમાં અનેકગણો વધારો થયો છે.

**<u>*માન.અધ્યક્ષશ્રી *</u>**

આ વર્ષે ગોધરા, પોરબંદર, મોરબી, રાજપીપળા અને નવસારી ખાતે મળીને કુલ પાંચ નવી જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ શરૂ થતાં હાલમાં અત્યારે ગુજરાતમાં કુલ 36 મેડિકલ કોલેજ છે. આ કોલેજોમાં યુ.જી. અભ્યાસક્રમની એમ.બી.બી.એસ.ની બેઠકો વર્ષ 2021-22 માં 5,700 હતી તે વધીને વર્ષ 2022-23માં 6,350 થઇ છે. રાજ્યમાં કુશળ તજજ્ઞો મળી રહે તે માટે, રાજ્યમાં પી.જી. બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2020-21માં પી.જી. બેઠકોની સંખ્યા 1,951 હતી તે વધારીને વર્ષ 2021-22માં 2,065 કરવામાં આવી છે. રાજ્યમાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં કુશળ તજજ્ઞો મળી રહે તે માટે,

રાજ્યમાં પીજી ડિપ્લોમા ઇન સી.પી.એસ.ની બેઠકો વર્ષ 2019-2020 માં 138 હતી તે વધારીને વર્ષ 2021- 22માં 300 કરાઈ છે. તેમજ ડી.એન.બી. કોર્ષમાં અગાઉ વર્ષ 2019-20 માં 28 બેઠકો હતી તે વધારીને વર્ષ 2021-22 માં 167 કરવામાં આવી છે.

***માન.અધ્યક્ષશ્રી ***

આરોગ્ય અને તબીબી સેવાઓ, પરિવાર કલ્યાણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા બદલ ગુજરાત સરકારને અનેક એવોર્ડ મળ્યા છે. ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ નેશનલ લેવલના એવોર્ડ એનાયત થયા છે તેના નામ જોઈએ તો - “પ્લેટિનમ સ્કોચ એવોર્ડ", "સીએસઆઈ - નીહીલન્ટ ઇ - પ્રશાસન” પુરસ્કાર, "બેસ્ટ એફોર્ડેબલ હેલ્થકેર ઇનિશિયેટિવ" પુરસ્કાર, ઇ-ગવર્નન્સ માટે ભારત સરકારનાં “જેમ્સ ઓફ ડિઝિટલ ઇન્ડિયા એવોર્ડ, "સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ" એવોર્ડ, સ્કોચ ગવર્નનન્સ ઓર્ડર-19નો

"કેશલેસ અને પેપરલેસ એક્સેસ” એવોર્ડ, ELETS “રીમોટ હેલ્થકેર સર્વિસ" એવોર્ડ, સીક્સ સિગ્મા સ્ટાર હેલ્થકેર લિ. દ્વારા "બેસ્ટ ગવર્મેન્ટ ઇનિશિયેટિવ ઓફ ધ યર" એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. **આ માટે ગુજરાતના સૌ નાગરીકો વતી હું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલને ખૂબ -ખૂબ અભિનંદન પાઠવું છું.** આજે ગુજરાતની તબીબી સેવાઓ એટલી સારી છે કે છેવાડાના ગામનો કોઈ માણસ અને સાથે એનો પરિવાર દર્દ અને પીડા ને લીધે રડતો રડતો દવાખાને આવે છે,. પણ રાજ્ય સરકારની સુંદર આરોગ્ય અને તબીબી સેવાઓને લઇ હસતો હસતો પાછો ઘેર જાય છે. ગુજરાતના નાગરિકના ચહેરા પરની મુસ્કાન એ અમારા માટે સૌથી મોટો એવોર્ડ છે.